## વાત ગાંધીનગરની

સવારથી વાદળો ઘેરાય અને વિખરાયનો ક્રમ સતત ત્રીજા દિવસે પણ જળવાતા અસહ્ય બફારો શહેરીજનોએ અનુભવવો પડ્યો. મોડીસાંજે તોફાની પવન સાથે હળવું ઝાપટું પડ્યું હતું.

**બે કલાક શહેર રામમય રહ્યું**

અયોધ્યામાં રામ જન્મભૂમિ પર રામ મંદિરના શિલાન્યાસ પ્રસંગનું જીવંત પ્રસારણ જોવા શહેર થંભી ગયું હતુ. કેબિનેટની બેઠક પણ સવારે ૧૧.૦૦ વાગ્યાના બદલે બપોરે ૨.૦૦ વાગે યોજાઈ હતી. સચિવાલય સહિત સરકારી કચેરીઓ અને દુકાનો ઉપર પણ સૌની નજર ટી.વી. ઉપર થતાં જીવંત પ્રસારણ સાથે જોડાયેલી હતી. મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના તમામ સભ્યોએ પોતપોતાના બંગલે પરિવાર અને સાથીદારો સાથે પ્રધાનમંત્રીનું પ્રવચન ધ્યાનથી સાંભળ્યું. ભાજપ કાર્યાલય ઉપર પણ કાર્યકરોએ સામુહિક રીતે સમગ્ર કાર્યક્રમ નિહાળ્યો હતો. શહેરના વિશ્વ હિન્દુ પરિષદના અને બજરંગદળના કાર્યકરો તથા ભાજપના કેટલાક વરિષ્ઠ અગ્રણીઓ કાર્યક્રમ સમયે ભાવુક બની ગયા હતા. કેટલાક મંત્રીઓએ અને ભાજપના આગેવાનોએ મિઠાઈ પણ વહેંચી હતી.

● **બાપુની બાધા પુરી**

રાજ્યના શિક્ષણમંત્રી અને ભાજપના પીઢ અગ્રણી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ૩૦ વર્ષ પહેલા રામ મંદિર નિર્માણ ન થાય ત્યાં સુધી મિઠાઈ નહીં ખાવાની બાધા રાખી હતી. જે આજે પુરી થતાં તેમને મિઠાઈ ખાધી હતી અને સૌ શુભેચ્છકોને ખવડાવી પણ હતી. ભુપેન્દ્રસિંહ ખુબ જ સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવે છે અને તેઓ રાજ્યના અનેક ધાર્મિક સંતો અને સ્થાનો સાથે ઘરોબો ધરાવે છે. જેથી તેમની પાસે રોજેરોજ પ્રસાદમાં મિઠાઈ આવે છતાં સંકલ્પબદ્ધ હોવાના નાતે ૩૦ વરસ સુધી સંયમપૂર્વક બાધા જાળવી હતી.

**ભાજપમાં મોટા ફેરફારો આવે છે**

નવ નિયુક્ત પ્રમુખ સી.આર. પાટીલ છેલ્લા દસ દિવસથી પ્રદેશના અલગ-અલગ નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક યોજે છે. એટલુ જ નહિ તેમના અભિપ્રાયો મેળવે છે. હજુ સૌરાષ્ટ્રના કેટલાક નેતાઓને મળવા એકાદ-બે દિવસ સૌરાષ્ટ્રમાં પણ પ્રવાસ કરવાના છે. આગામી અઠવાડીયે પ્રદેશ માળખામાં ધરખમ ફેરફારો સાથે નવા ચહેરાઓને ચમકાવશે તેમ જાણકાર વર્તુળોનું કહેવું છે. એક વ્યક્તિ-એક પદના તેઓ હિમાયતી છે. એટલે પ્રદેશ માળખામાંથી કેટલાકને બોર્ડ નિગમમાં પણ સ્થાન મળી શકે છે. રાજ્યમાં કેટલાક બોર્ડ અને નિગમમાં ચેરમેન અને નિયામક મંડળની ૨૦૦ થી વધારે જગ્યાઓ ખાલી છે. આ તમામ જગ્યાઓ ઉપર પ્રથમ અને બીજી હરોળના આગેવાનોની નિમણુંક કરવાની કવાયત જોરશોરથી કમલમ્‌માં ચાલી રહી છે.

**મનપામાં નવા જૂનીના અંધાણ**

મનપા ભાજપમાં ચાલતુ શીત યુદ્ધ ક્યારે વિસ્ફોટક બનશે એ કહી શકાય તેમ નથી. પરંતુ હમણાં તો ચાલતા દાવપેચ નવાજુનીના એંધાણ આપે છે તેમ કહી શકાય. રોજ નવા દાવ ખેલાય. રોજ નવી વાત આવે. વિરોધ પક્ષ તો એક બાજુ રહ્યો પણ સત્તાદારી પક્ષના બે જૂથો જ બહારવટે જે રીતે ચડ્યા છે તે દર્શાવે છે કે મતભેદોની પરાકાષ્ઠા કેટલે પહોંચી છે અને હજુ તો આવનારા દિવસો કંઈક નવા રંગ લઈને આવશે એમ ચોક્કસ માની શકાય.

**'અર્ક' આજનો...**

કિરણ આશાનું હોય કે સૂર્યનું, અંધકાર મિટાવવા માટે કાફી છે.

# હીરાબા ભૂમિપૂજન થતું નિહાળી ગદગદિત થયા...!!

### પોતાના પુત્રના હસ્તે રામમંદિરના શિલાન્યાસના સમગ્ર ઐતિહાસિક અવસરનું હીરાબાએ જીવંત પ્રસારણ નિહાળ્યું





ગાંધીનગર, તા.૫

'સીયાપતિ રામચંદ્ર ભગવાન કી જય'ના જયઘોષ સાથે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામમંદિરના ભૂમિપૂજન બાદ પોતાનું સંબોધન કર્યું ત્યારે ગાંધીનગરમાં વૃંદાવન બંગ્લોઝમાં રહેતા તેમના માતૃશ્રી હીરાબા આનંદવિભોર બની ચુકયા હતા. બાળપણથી હીરાબાએ પોતાના પનોતા પુત્રને જે સંસ્કાર સિંચન કર્યું હતું તેને અનુસરીને જયારે યુવા વયે જ દિકરાએ રામજન્મભૂમિને મુકત કરાવી તેના પર ભવ્ય અને દિવ્ય રામમંદિરના નિર્માણ માટે કાર્યરત થવાનો સંકલ્પ લીધો હતો અને આજે એ સંકલ્પ પુરો થઈ જવા રહ્યો હોય તે પણ એ જ પુત્રના હસ્તે ભૂમિપૂજનથી ત્યારે કઈ માતા હોય જેનું હૈયું હર્ષ અને ગર્વથી ગદગદિત થયા વિના રહે? રામમંદિરના ભૂમિપૂજનનું હીરાબાએ લાઈવ ટેલિકાસ્ટ નિહાળ્યું હતું. 'રાષ્ટ્રકાજ' અને 'રામકાજ'ને એક સમાન ગણી દેશની સેવા માટે પોતાનો ઘર-પરિવાર-સંસાર છોડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે પ્રતિબધ્ધતા દાખવી છે અને તેમાં પણ ૨૮ વર્ષ પૂર્વે અયોધ્યામાં રામલલાની હાલત જોઈ મનમાં સંકલ્પ લીધો હોય કે જયાં સુધી રામજન્મભૂમિને મુકત કરાવી ત્યાં ભવ્ય અને દિવ્ય મંદિરનું નિર્માણ થાય જેમાં રામલલાને સ્થાપિત કરી સમગ્ર વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિના વિજયનો ડંકો વાગે તે સંકલ્પ જયારે તેમના વડાપ્રધાનપદે બિરાજમાન કાળ દરમિયાન પુરો થાય અને તેમના પોતાના હસ્તે જ રામમંદિરનું ભૂમિપૂજન થાય તે કોઈ સંયોગ નથી બલ્કે એક ભારતીય સંસ્કૃતિના પ્રહરીનો આત્મવિશ્વાસ છે. સાથે સમગ્ર રામમંદિર આંદોલન કર્તાઓના સહીયારા પ્રયાસનો ઐતિહાસિક વિજય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે આજે અયોધ્યામાં રામમંદિરનું ભૂમિપૂજન કરવા પહોંચ્યા ત્યાંથી લઈને છેક તેમના સંબોધનના સમાપન સુધી તેમના માતૃશ્રી હીરાબાએ ઐતિહાસિક ઘટનાનું સમગ્ર લાઈવ ટેલિકાસ્ટ નિહાળ્યું હતું અને તેઓ દરેક ઘટનાક્રમ સાથે ઓતપ્રોત થઈને ગદગદિત થઈ જવા પામ્યા હતા. આ સાથે તેમના ઘરના આંગણામાં રંગોળી પુરીને આ દિવ્ય અવસરના વધામણાં પણ કરવામાં આવ્યા હતા.

# શહેરમાં સાંજે વાવાઝોડા સાથે વરસાદી ઝાપટુ

### આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો પવનના જોરથી વિખેરાઇ ગયા : સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા જનજીવન પ્રભાવિત : વરસાદની આશ ઠગારી નિવડી વાતાવરણમાં અસહ્ય ઉકળાટથી નગરજનો ત્રાહીમામ : અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી

ગાંધીનગર તા ૫

શહેરમાં આજે સાંજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. સાંજના સમયે આકાશમાં કાળા ડિબાંગ વાદળોનુ આગમન થયુ હતુ જયારે વાતાવરણ પલ્ટા વચ્ચે સુસવાટા મારતો પવન ફુંકાયો હતો. પવનનુ જોર વધુ હોવાથી શહેરમાં પલવાર માટે વાવાઝોડાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. પલવાર માટે વરસાદી ઝાપટુ વરસતા સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે વરસાદી ઝાપટા સાથે પવનનુ જોર પણ વધુ હોવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તોફાની મિજાજ સાથે આકાશમાં ઘેરાઈ આવેલા વરસાદી વાદળો વરસવાના બદલે પવનના જોર વચ્ચે વિખેરાઈ ગયા હતા. ભારે પવનના લીધે શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા.



શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની ગેરહાજરી વચ્ચે સતત ઉકળાટનુ પ્રમાણ વધી રહ્યુ છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વિશેષ જોવા મળે છે. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં લુપાછુપી રમતા સુરજદાદા પણ દિવસ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

## કલોલમાં એક ઈંચ તો શહેરમાં અર્ધો ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં એક ઈંચ, ગાંધીનગર તાલુકામાં અર્ધો ઈંચ અને માણસામાં હળવો વરસાદ આજે સાંજે નોંધાયો છે.

પવન સાથે આવેલા વરસાદથી વાતાવરણમાં બદલાવ જોવા મળતો હતો. જોકે આ હળવા વરસાદ પછી બફારાનું પ્રમાણ વધી જવા પામ્યુ હતુ.

ગ્રામીણ વિસ્તારોમાં થયેલા હળવા વરસાદથી ખેતીને ફાયદો થયો છે. જિલ્લામાં હજુ ૯ મી સુધી વરસાદ થશે તેવી આગાહી કરવામાં આવી છે. ખેડૂતો પણ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

આ વરસાદ પછી હવે જિલ્લામાં ખરીફ વાવણીની ગતિ જે ધીમી પડી હતી તેમાં વેગ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## ગુજરાતના વિદ્યાર્થીઓ અખબાર પણ વાંચતા નથી : પ્રણવ આગ્જા

### યુ પી એસ સી કેડરની પરીક્ષા કલીયર કરવા લગે.. રહો ..ગુજ્જુ ભાઇ બનવુ પડે..!! ...જે ..લાગેલા.. રહે તે લાગી.. જાય.. યુ પી બિહારના વિદ્યાર્થીઓ પાસે અન્ય વિકલ્પ ઓછા ..ગુજરાતમાં ધંધા વેપારનુ પ્રમાણ વધુ



**સનદી અધિકારીની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર સે-૨૪ ના પ્રણવ આગ્જાના મતે શિક્ષણમાં ગોખણીયા જ્ઞાનના બદલે પ્રેકટીકલ એપ્રોચ વધુ અનિવાર્ય : એજ્યુકેશન હબ બનતાગાંધીનગરને અગાઉની જેમ ગ્રીન બનાવવુ જોઇએ. રામમંદિરના ભુમિપુજનથી ભાવિકોમાં આસ્થા છલકાઇ : પ્રણવ**

ગાંધીનગર તા ૫

સનદી અધિકારીની પરીક્ષા પાસ કરવી હોય તો લાગેલા રહેવુ પડે .. જે લાગેલા રહે તે લાગી જાય.. ગુજરાતના વિદ્યાર્થીઓ ન્યુઝપેપર વાંચતા નથી..આજના શિક્ષણમાં ગોખણીયુ જ્ઞાન વધુ છે ત્યારે પ્રેકટીકલ એપ્રોચ વધુ હોવો જોઈએ. બાળકોને પોષણક્ષમ આહાર મળે અને દેશમાં શિક્ષણ અને આરોગ્યની સેવા અસરકારક બને તે દિશામાં કામ કરવાની ખેવના છે. સનદી અધિકારીની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા સે-૨૪ ના યુવાન પ્રણવ આગ્જાએ ઈન્ટરવ્યુ દરમિયાન દેશની બોર્ડર અંગેના પ્રશ્નો પણ ફેઈસ કર્યા હોવાની રસપ્રદ વાતો પણ મુલાકાત દરમિયાન કરી હતી.

ગાંધીનગરમાં સે-૨૪ પીળા પટ્ટામાં રહેતા પ્રણવ આગ્જાએ યુ પી એસ સી ની પરીક્ષા પાસ કરી છે. સમગ્ર દેશમાંથી અંદાજિત ૪ લાખ જેટલા ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી જયારે ગત જુન માં પ્રિલિમ પરીક્ષા પાસ કર્યા બાદ સપ્ટેમ્બર ૨૦૧૯ માં મેઈન પરીક્ષામાં પણ સફળતા મેળવી હતી જયારે કોરોના કાળના લોકડાઉન પુર્વે ગત માર્ચ મહીનામાં દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ટરવ્યુનુ પરિણામ ગઈકાલે જાહેર થતા પ્રણવે સમગ્ર દેશમાં ૭૫૫ મો ક્રમ પ્રાપ્ત કરીને દેશની ટોચની અફસર લોબીમાં પોતાનુ સ્થાન કાયમ કરી લીધુ છે. સામાન્ય પરીવારમાંથી આવતા પ્રણવે રાત દિવસ એક કરીને આ પરીક્ષામાં સફળતા હાંસલ કરી છે. પ્રણવ આગજાના જણાંવ્યા મુજબ આઈ એ એસ આઈ પી એસ બનવા માટે જે લાગેલા રહે છે.. તે લાગી જાય છે..પ્રણવના જણાંવ્યા મુજબ રોજનુ ૭ થી ૮ કલાક અને પરીક્ષા નજીક હોય ત્યારે ૧૦ થી ૧૨ કલાકનુ વાંચન જરૂરી બન્યુ હતુ. જયારે વાંચનની સાથે લખવાની પ્રેકટીસ પણ ચાલતી હતી. પ્રણવના જણાંવ્યા મુજબ તેમણે નગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં નિરમા યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૮ કેસ

### સારવાર દરમ્યાન વધુ બે ના મોત : ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ સંક્રમિત થયા, ગાંધીનગરમાં ૧૦, દહેગામમાં ૧, માણસામાં ૩ અને કલોલમાં ૪ કેસ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૮ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આજે સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત થયા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે. આ સાથે જિલ્લામાં મૃત્યુઆંક ૮૩ પર પહોંચ્યો છે.

મળતી વિગતો પ્રમાણે રાંધેજામાં ૭૯ વર્ષના વૃદ્ધનું આજે રિપોર્ટ આવે તે પૂર્વે જ મરણ થયુ હતુ. આ ઉપરાંત દહેગામના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. વહેલી સવારે અર્બન વિસ્તારના દર્દીનું સારવાર દરમ્યાન અવસાન થયુ હતુ.

ગ્રામીણ વિસ્તારમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓનો આંક વધી રહ્યો હોવાથી તંત્રમાં ચિંતા ઘેરી બની છે. જો કે હજુ સત્તાવાર મૃત્યુઆંકને લઈ તંત્ર મૌન સેવી રહેલ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર તાલુકામાં આજે ૧૦ કેસ નોંધાયા છે. જેમાં ૩ ફ્રન્ટલાઈન વોરિયર્સનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરના ૧૦, દહેગામના ૧, માણસાના ૩ અને કલોલના ૪ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ડભોડા પ્રા.આ. કેન્દ્રના લેબ ટેકનીશ્યન તેમજ રાંધેજામાં રહેતા અને લેબ ટેકનીશ્યન તરીકે ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા બે ફ્રન્ટલાઈન વોરિયર્સ સંક્રમિત થયા છે.

આ ઉપરાંત આદરજ મોટી ગામે રહેતા અને કોલવડા આયુર્વેદ કોલેજમાં માળી તરીકે કામ કરતા એક કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણમાંથી એક ૨૫ વર્ષીય મહિલા જે લેબ. ટેકનીશ્યન તરીકે ગાંધીનગર સિવિલમાં ફરજો બજાવે છે તેનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં નવા ૧૧ કેસ

### આસિ. પ્રોફેસર, એ.એસ.આઈ., કોર્ટના કર્મયોગી, બેંક મેનેજર સહિતના લોકો કોરોનાની ઝપેટમાં : સે. ૨૫ અને સે. ૧ માં ૩-૩ કેસ, સે. ૧૭, સે. ૨, સે. ૨૪, સે. ૫ અને સે. ૨૨ માંથી કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૩૨ પર પહોંચી છે.

શહેરમાં આજે ૩ દિવસ બાદ ૧૧ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યામાં સતત વૃદ્ધિ થઈ રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. શહેરમાં સર્વેલન્સ પણ સઘન કરવામાં આવ્યું છે. આજે શહેરમાં વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં પાર્સલ સર્વિસ ચલાવતા ભાઈ, કોમ્પ્યુટર આસિ. તરીકે કામ કરતા કર્મચારી, અડાલજ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ., બેંક મેનેજર, કોર્ટ કર્મચારી, પ્રોફેસર તેમજ ગુડાના કલાર્કનો પણ સમાવેશ થાય છે.

આજે સે. ૨, સે. ૨૪, સે. ૧૭, સે. ૧, સે. ૫, સે. ૨૫, સે. ૨૨ નો સમાવેશ થાય છે. સે. ૨૫ માં અને સે. ૧ માં આજે ૩-૩ કેસ નોંધાયા છે. માતા-પિતા-પુત્ર તેમજ પિતા-પુત્રીના રિપોર્ટ પોઝીટીવ આવ્યાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# કમિશનર ગેરહાજર રહેતાં સ્થાયી સમિતિની બેઠક મુલ્તવી રખાઈ !

### ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેનો સંઘર્ષ પુનઃ સપાટી પર આવ્યો : રાજકારણમાં ગરમાવો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં સતત ૮મી વખત પણ મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ ગેરહાજર રહેતાં આજે બોલાવાયેલી સ્થાયી સમિતિની બેઠક મુલ્તવી રાખવાનો નિર્ણય સ્થાયી સમિતિના સભ્યોએ કર્યો હતો.

આજે બપોરે બે વાગે સ્થાયી સમિતિના સભાખંડમાં મ્યુનિ. કમિશનર વતી ડે. મ્યુનિ. કમિશનર દવે હાજર થયા હતા પરંતુ તે પૂર્વે જ સભ્યોએ આ નિર્ણય કર્યો હતો.

છેલ્લા ઘણા વખતથી ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે શીત યુદ્ધ ચાલી રહ્યું છે. મ્યુનિ. કમિશનરે પણ સ્થાયી સમિતિની બેઠકમાં હાજરી આપવાનું સતત ટાળી રહ્યા છે. આ શીતયુદ્ધને લઈ મુખ્યમંત્રી, પ્રભારી મંત્રી સહિતના આગેવાનોએ દરમ્યાનગીરી પણ કરી હતી. આ પછી છેલ્લી બે બેઠકોમાં સ્થાયી સમિતિએ તમામ કામોને બહાલી આપી દીધી હતી.

આજની બેઠકમાં પણ ૧૧ જેટલા મુદ્દાઓ એજન્ડામાં દર્શાવાયા હતા પરંતુ કમિશનર હાજર ન રહેતાં તેઓ હાજરી ના આપે ત્યાં સુધી હવે બેઠક નહિ યોજવાનો નિર્ણય સભ્યોએ કર્યો છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વહીવટીય પાંખ દ્વારા સ્થાયી સમિતિએ મંજૂર કરેલા કામોના અમલીકરણ અંગેની સ્થિતિ તેમજ શું શું કરવા જેવુ છે, શહેરમાં કોરોનાની સ્થિતિને લઈ શું સ્થિતિ છે, તંત્ર દ્વારા કેવા પગલાં લેવાઈ રહ્યા છે તે બધી જાણકારી કમિશનરે જ સ્થાયી સમિતિને આપવી જોઈએ.

જો કે કમિશનર જે રીતે બેઠકમાં હાજરી આપવાનું ટાળી રહ્યા છે તેને લઈ સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા મોટાભાઈ **કિશોર મોતીલાલ પંડ્યા** તા. ૩/૮/૨૦૨૦ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે.

**'પ્રભુને ગમ્યું તે ખરું'**

હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ટેલિફોનીક મુલાકાત એ રૂબરૂ મલ્યા સમાન છે. તથા સામાજીક લૌકિક પ્રથા મોકુફ રાખેલ છે.

**સંવત ૨૦૭૬ને શ્રાવણ વદ-ત્રીજને ગુરૂવાર તા. ૬/૮/૨૦૨૦ના રોજ સાંજે ૪ થી ૬ ટેલિફોનીક બેસણું રાખેલ છે.**

**નિલેશ પંડ્યા (ભાઈ) ૯૪૨૯૯ ૨૦૪૩૦**
**મોહિત પંડ્યા (પુત્ર) ૯૯૭૪૮ ૯૮૨૨૬**

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને ૧૧ કિલો ચાંદીની પાટ અર્પણ કરી

અમદાવાદ,તા.૫

રામ મંદિર શિલાન્યાસના ઐતિહાસિક પ્રસંગે ગુજરાત પણ હરખભેર ભાગ લઈ રહ્યો છે. ભારત ભવ્ય ઈતિહાસને ઉજાગર કરનાર અને કરોડો હિંદુઓની આસ્થાના પ્રતિસમા અયોધ્યામાં બનનાર શ્રી રામજન્મભૂમિ મંદિરના ભૂમિપૂજન પ્રસંગની ઐતિહાસિક ક્ષણે જગત જનની મા ઉમિયાની અસીમ કૃપાથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મંદિરના નિર્માણ માટે ભગવાન શ્રી રામના ચરણોમાં શુકન રૂપે ૧૧ કિલો ચાંદીની પાટ અર્પણ કરે છે. આ સાથે રામજન્મભૂમિ મંદિરના ભૂમિપૂજન પ્રસંગની ઐતિહાસિક ક્ષણે અમદાવાદના જાસપુર સ્થિત વિશ્વઉમિયાધામ મંદિર ખાતે સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતીનું આયોજન કરાયું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com